

આ વર્ષે વરસાદે શહેરને રીતસર ઘમરોળ્યુ હતુ. ભારે વરસાદ અને વાવાઝોડાથી ઘણુ નુકશાન થયુ છે. સેક્ટર-૧૬માં વરસાદના કારણે મસમોટો ભૂવો પડી ગયો છે. જો કે હજુ સુધી તંત્ર દ્વારા તેને પુરવામાં ન આવતા રાહદારીઓ અને વાહનચાલકોના માથે જોખમ સર્જાયુ છે.

# વિવિધ કલ્યાણ યોજનાઓના અમલીકરણમાં તંત્ર ઉદાસીનતા છોડે : જિલ્લા વિકાસ અધિકારી

## શાખાધિકારીઓની બેઠકમાં ડીડીઓની શીખ સંવેદના સાથે કામ કરો

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લામાં ધારાસભ્યો-સાંસદસભ્યોની રજુઆતોનો સમય મર્યાદામાં નિકાલ કરવામાં આવે તેમજ તેમના પત્રોના ઉત્તારો પણ સમય મર્યાદામાં અપાય તે માટે જિલ્લા વિકાસ અધિકારીએ આજે કડક તાકીદ કરી છે.

જિલ્લા પંચાયતના શાખાધિકારીઓની આજે યોજાયેલી બેઠકને સંબોધતાં તેમણે તંત્રમાં ચડેલી કામગીરી અને તંત્રની ઉદાસીનતાને લઈ સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે માહિતી અધિકાર અન્વયે મળેલ અરજીઓનો સમય-મર્યાદામાં નિકાલ થાય એટલુ જ નહિ આ માટે અલગથી રજીસ્ટર પણ નિભાવવામાં આવે તેવો ખાસ આગ્રહ રાખ્યો હતો.

જિલ્લામાં ખાસ કરીને આવાસ યોજનાઓના અમલીકરણમાં જે ઉદાસીનતા દાખવવામાં આવી રહી છે તેને લઈ પણ નારાજગી વ્યક્ત કરી આ માટે અસરકારક મોનીટરીંગ કરવામાં આવે તેવો આગ્રહ કર્યો હતો. ૧૪મા નાણાં પંચ અંતર્ગત થયેલા વિકાસ કામોની ગુણવત્તા પણ ચકાસવા માટે તેમને અધિકારીઓને સૂચના આપી હતી.

રાવલે જિલ્લામાં તંત્ર પ્રજાભિમુખ અને કલ્યાણલક્ષી યોજનાઓના અમલ માટે દરેક વિભાગોને રોડમેપ તૈયાર કરી આયોજનબદ્ધ રીતે આગળ વધવા માટે પણ સૂચનાઓ આપી હતી.

તેમણે જિલ્લાની ક્ષેત્રીય કચેરીઓ સહિત જ્યાં પણ ખાતાકીય તપાસના કેસો ચાલે છે તેમાં ગતિ લાવવા માટે સૂચના આપી હતી.

સી.એમ. ડેશ બોર્ડમાં એન્ટ્રીઓ નિયમિત અને સમયસર થાય તેવો આગ્રહ સેવતાં તેમણે કહ્યુ હતુ કે આનુ નિયમિત મોનીટરીંગ દરેક શાખાના અધિકારીએ કરવુ જોઈએ. એન્ટ્રીઓ નહિ કરવામાં ઉદાસીનતા દાખવનાર કર્મચારી અને અધિકારી સામે શિસ્તનો દંડ ઉપાડવો પડે તેટલા મજબુર થવુ પડે તેવી સ્થિતિ ન આવે તે જોવા કડક ચેતવણી આપી હતી.

પેન્શન કેસો તેમજ અન્ય સહાયતા કેસો પણ સમયબદ્ધ રીતે નિકાલ કરવામાં આવે તેવો આગ્રહ કર્યો હતો. પેન્શનના કેસોની સંખ્યા વધી રહી છે ત્યારે આ બાબતમાં ઉદાસીનતા નહિ પણ માનવીય અભિગમ સાથે તંત્ર કામ કરે તે જોવા જણાવ્યુ હતુ.



## લવારપુર ગામે દશેરા નિમિત્તે યોજાતા ભવ્ય ગરબા મહોત્સવની શ્રદ્ધાભેર ઉજવણી કરાઈ

ગાંધીનગર તાલુકાના લવારપુર ગામે દર વર્ષની પરંપરા મુજબ દશેરા પર્વની ઉજવણી અંતર્ગત ગરબા મહોત્સવની અનોખી ઉમંગ-ઉલ્લાસ અને શ્રદ્ધાના પ્રતિક સમા તોત્રી માતાજીની આસ્થારૂપે ભવ્ય ગરબા મહોત્સવ યોજાયો હતો. આ ગરબા મહોત્સવમાં ગામના માઈભક્તો માનતા-બાધારૂપે મોટી સંખ્યામાં માતાજીના ગરબા મઢી ચોકમાં વાજતે ગાજતે આરાધના સાથે શ્રદ્ધા વ્યક્ત કરી મનોકામના પૂર્ણ કરે છે. આ પ્રસંગે સમગ્ર ગામના માઈભક્તો ગરબે ઘુમી ઉલ્લાસ ઉમંગભેર ઉજવણી કરી મહાઆરતીનો લ્હાવો લઈ ધન્યતા અનુભવી હતી.

# પાલજ આઈઆઈપીએચ ખાતે વિશ્વ માનસિક આરોગ્ય દિવસની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૧૦

રાજયમાં યુવાનો અને પોલીસ વિભાગમાં ફરજ બજાવતા કર્મચારીઓમાં આત્મહત્યાનું પ્રમાણ ચિંતાજનક રીતે વધવા લાગ્યું છે. આજના યુવાવર્ગ સફળતા માટે શોર્ટકટ માર્ગ અપનાવી રહ્યા છે અને સફળતાનો સ્વાદ ચાખવા નહીં મળતા પોતાની મહામુલી જીંદગી ટુંકાવતા સહેજ પણ વિચાર કરતા નથી. કેટલાક બનાવમાં તો માતા-પિતા પોતાના પુત્રની ઈચ્છા પુરી નહી કરી શકતા સામાન્ય વાતમાં પણ પુત્ર આત્મહત્યા કરી લે છે.ભારતમાં છેલ્લા પાંચ વર્ષમાં ૯૩૦ થી વધુ પોલીસ કર્મચારીઓએ આત્મહત્યા કરી પોતાનો જીવ ગુમાવ્યો છે. ત્યારે સમયમાં બદલાવ આવ્યો છે, જેથી માનસીક રોગીઓના પ્રમાણમાં પણ વધારો જોવા મળે છે. તેવી સ્થિતિમાં પોલીસ વિભાગમાં બીએસએફ, સીઆરપીએફ, હોય કે આર્મીમાં ફરજ બજાવતા જવાનો પણ આ પ્રકારનું પગલુ ભરતા સહેજ પણ વિચાર કરતા નથી. જેથી આ ચિંતાનો વિષય બની ગયો છે. હાલની સ્થિતિમાં ફરજ બજાવતા કર્મચારીઓને પરિવાર સાથે સમય વિતાવવાનો યોગ્ય સમય નથી મળતો, જેને પગલે ઘણીવાર નાગરીકોને હતાશા તરફ દોરી જાય છે. અથવા તેને બહિષ્કૃત કરવાના ડરથી, ફરજ માટે અયોગ્ય જાહેર કરવાના ડરથી, ફરજ માટે અયોગ્ય જાહેર અથવા મહત્વપૂર્ણ પોસ્ટીંગ માટે અવગણના વગેરેના ડરથી માનસિક સ્વાસ્થયના



નોકરીની માંગ પદાર્થોનો દુરપયોગ, અસ્વસ્થતા હતાશા અને પોલીસ કર્મચારીઓમાં અસ્પષ્ટતા, અધીરાઈ અને ચિડીયાપણુ જેવા દુરૂપયોગ વર્તન સાથે સંકળાયેલી છે. આ કામની પરિસ્થિતઓ પણ પરિવારમાં આઘાતજનક તાણ, બાળકોના શિક્ષણની અવગણના અને માતા-પિતાના બંધન તરફ દોરી જાય છે.તે જ સમયે સાથીઓ અને ઉપરી અધિકારીઓ દ્વારા કલંકિત થવું મુદ્દાઓની ખુલ્લેઆમ ચર્ચા કરવાનું ટાળવાનું વલણ જોવા મળે છે. સુરક્ષા વિભાગના કર્મચારીઓમાં આ પ્રકારની નકારાત્મકતા દુર થાય તે માટે ગાંદીનગર પાસે પાલજમાં આવેલી ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ પબ્લીક હેલ્થમાં ચિંતા કરવામાં આવી હતી. જેને લઈને બે દિવસીય સેમિનારનું આયોજન કરાયું છે. જેમાં વિશ્વમાં ૪૫ કરોડ નાગરીકો માનસિક અને તેના સંબંધિત બિમારીઓથી પિડીત છે.

# આજથી જિલ્લામાં પાંચમા તબક્કાના સેવાસેતુ કાર્યક્રમનો આરંભ

## ગાંધીનગર જિલ્લામાં ઓક્ટોબર માસ દરમ્યાન ચાર તાલુકાના આઠ કલસ્ટરમાં અને ત્રણ નગરપાલિકા વિસ્તારમાં સેવાસેતુ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૧૦

નાગરિકોની રજૂઆતનો ઘર આંગણે નિકાલ કરવાના ઉમદા આશયથી રાજય સરકાર દ્વારા સમગ્ર રાજયમાં સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં પાંચમા તબક્કાના સેવાસેતું કાર્યક્રમનો આરંભ તા.૧૧મી ઓકટોબર,૨૦૧૯ના રોજ માણસા તાલુકાના પડુસ્મા ગામ ખાતેથી મહેસુલ મંત્રી અને જિલ્લા પ્રભારી મંત્રી કૌશિકભાઈ પટેલના હસ્તે કરાશે. આ સેવાસેતું કાર્યક્રમમાં કલસ્ટર અનુસાર ગામોની વહેંચણી કરીને સેવાસેતું કાર્યક્રમ યોજવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાં તા. ૧૧મી ઓકટોબર, ૨૦૧૯ ના રોજ માણસા તાલુકાના પડુસ્મા ગામ ખાતે અને ગાંધીનગર તાલુકાના અંબાપુર ગામ ખાતે સેવાસેતું કાર્યક્રમ યોજવામાં આવશે. પડુસ્મા ગામ ખાતે યોજાનાર સેવાસેતું કાર્યક્રમમાં ચરાડા, પડુસ્મા, સમૌ, હરણાહોડા, અમરાપુરા(ખ) અને ખરણા ગામનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમજ અંબાપુર ગામ ખાતે યોજાનાર કાર્યક્રમમાં ભાટ, કોટેશ્વર, અમીયાપુર, કોબા અને અંબાપુર ગામના ગ્રામજનો લાભ લઈ શકશે. ૧૧મી ઓકટોબરના રોજ દહેગામ નગરપાલિકા વિસ્તારમાં પણ સેવાસેતું કાર્યક્રમ યોજાશે.

ગાંધીનગર જિલ્લામાં ઓકટોબર માસમાં ચાર તાલુકાના જુદા જુદા કલસ્ટર અનુસાર કુલ-૮ સેવાસેતું કાર્યક્રમ યોજવામાં આવશે. જેમાં માણસા તાલુકામાં ૧૮મી ઓકટોબરના રોજ દેલવાડ ખાતે સેવાસેતું કાર્યક્રમ યોજાશે. તેમજ કલોલ તાલુકામાં ૧૯મી ઓકટોબરના રોજ કારોલી ગામ ખાતે અને ૨૫મી ઓકટોબરના રોજ આમજા ખાતે સેવાસેતું કાર્યક્રમ યોજાશે. તે ઉપરાંત ગાંધીનગર તાલુકામાં ૧૯ ઓકટોબરના રોજ શેરથા અને ૨૩મી ઓકટોબરના રોજ પોર ગામ ખાતે આ કાર્યક્રમ યોજાશે.

# રવિવારે ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ પ્લેયર્સ એસોસિએશનની સ્થાપના કરાશે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરમાં ક્રિકેટની રમત સાથે સંકળાયેલા કોઈપણ ભૂતપૂર્વ, વર્તમાન, ઉભરતા કે અન્ય ખેલાડીઓના સંગઠન સ્વરૂપે 'ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ પ્લેયર્સ એસોસિએશન-જીડીસીપીએ'ની સ્થાપનાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ માટે આગામી તા. ૧૩મી ઓક્ટોબર રવિવારના રોજ સવારે ૧૦ કલાકે ઈન્દ્રોડા સર્કલ ચ-૦ પાસે સ્થિત ઈન્ફોસિટી ક્લબ એન્ડ રિસોર્ટ ખાતે બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સૂચિત એસોસિએશનની સ્થાપના કરાશે.



જીડીસીપીએની સ્થાપનાનો ઉદ્દેશ જિલ્લામાં ક્રિકેટની રમતનું સ્તર ઊંચુ લાવવા સાથે સ્થાનિક કક્ષાએ ટુર્નામેન્ટ્સનું આયોજન થાય તથા સ્થાનિક ખેલાડીઓને થતો અન્યાય દૂર થાય તે માટે યોગ્ય રજૂઆતો કરી શકાય તે માટેનો છે. જીડીસીપીએ દ્વારા વિવિધ વયજુથના ખેલાડીઓ માટે ટૂર્નામેન્ટ્સનું આયોજન કરવામાં આવશે. પ્રતિબદ્ધ ખેલાડીઓને યોગ્ય માર્ગદર્શન અને કોચિંગની વ્યવસ્થા કરાશે, ગાંધીનગર બહાર રમાતી ટૂર્નામેન્ટ્સમાં ખેલાડીઓ ભાગ લેવા પ્રયાસ થતા આર્થિક રીતે પછાત પરંતુ પ્રતિભાશાળી ક્રિકેટ રમતા ખેલાડીઓને ક્રિકેટ કીટ સહિતની સહાય કરવા જેવા કાર્યો હાથ ધરવામાં આવશે. જીડીસીપીએની સ્થાપના જીસીએ ગાંધીનગર અંતર્ગત રણજી ટ્રોફી અંડર-૧૪, ૧૬, ૧૯, ૨૨-૨૩ કે જિલ્લા ક્રિકેટ એસોસિએશન તરફથી રમેલા ઉત્કૃષ્ઠ ખેલાડીઓ-કપ્તાનો વગેરે દ્વારા કરવામાં આવી રહી છે જેમાં સામેલ થવા જિલ્લાના ક્રિકેટ રસિકોને આમંત્રણ આપવામાં આવ્યું છે.

# મહાભારત કાળથી રાંધેજામાં પરંપરાગત ગરબા

ગરબો એ માત્ર મહાશક્તિની આરાધનાનું માધ્યમ જ ન રહેતાં ગુજરાતના લોકજીવનનું અનિવાર્ય અંગ બની ગયો છે. અલગ અલગ જ્ઞાતિ કે સંપ્રદાયોના ભાવિકો પોતાની કુળદેવીની આરાધના માટે ગરબા પ્રત્યેની ભક્તિ વ્યક્ત કરે છે. ગાંધીનગર જિલ્લાના રાંધેજા ગામમાં નવરાત્રિના નવે-નવ દિવસ અખંડ ગરબા લેવામાં આવે છે. તિથીની વધઘટ ગણવામાં આવતી નથી. જેથી મહાભારત કાળથી પરંપરાગત આસો સુદ ચૌદશનો વેરાઈ માતાનાં ગરબા મહોત્સવ અને લોકમેળો ચૌદ દિવસ પૂરા ગણીને ખૂબજ દબદબાભેર અને હર્ષોલ્લાસથી ઉજવાય છે.

આ ઉત્સવની ઉજવણીનો પ્રારંભ ક્યારથી અને કેવી રીતે થયો એની માહિતી પ્રાપ્ત નથી. પરંતુ આ ઉત્સવ કોઈ એક જ્ઞાતિ, જૂથ કે સંપ્રદાય પૂરતો સીમિત ન રહેતાં 'ગ્રામોત્સવ' બની રહ્યો છે. જેમાં સૌ ભાવિકો ઊંચ-નીચના કે વયના ભેદભાવ વિના જોડાય છે. ગામના તમામ કોમના લોકો વેરાઈમાતાને ગામદેવી તરીકે પૂજે છે. આ ગામનો મૂળ વતની આખા વર્ષ દરમિયાન ભલે ગામમાં ન આવતો હોય પરંતુ ગરબા મહોત્સવના પર્વને વધાવવા માટે તે અચૂક ગામમાં આવવાનું ભૂલતો નથી. ગામના લોકો આ પર્વને વધાવવા પોતપોતાના ઘર અને ગામમાં ચોક-ચોકારીને શણગારે છે. આખાયે ગામમાં રાત્રે જાણે કે દિવસ ઊગ્યો ના હોય તેમ રંગબેરંગી રોશની, તોરણો અને ઝુમ્મરોની હારમાળાથી આખુંયે ગામ ઝળહળી ઉઠે છે.

રૂપાલની પલ્લી મહોત્સવની જેમજ ગરબા મહોત્સવમાં અનેરો ઠાઠ જોવા આસપાસના ગામલોકો જ નહી પરંતુ દેશ-દેશાવળમાંથી લોકો હજારોની સંખ્યામાં આવતા હોય છે. આ દિવસે વહેલી સવારે ગામના વાલ્મીકિ ભાઈઓ ખીજડાનું લાકડું અને વરખડાની સોટીઓ કાપી લાવે છે અને તે લાકડામાંથી ગજ્જર ભાઈઓ સુંદર રથ તૈયાર કરે છે. ત્યારબાદ સંધ્યાકાળના સમયે ગામના યુવાન ભાઈઓ તૈયાર થયેલા રથને ખૂબજ ઉત્સાહપૂર્વક છીપાચકલામાં ખેંચી લાવે છે. ત્યાં વિધિસર રાવલ-બ્રાહ્મણ ભાઈઓ રથનું પૂજન-અર્ચન કરાવે છે. ત્યારબાદ થોડીવારમાં મહાકાલી માતાના ભુવા પોતાના સમાજના ભાઈ-બહેનો સાથે ઢોલ-નગારાં, ત્રાંસા અને શરણાઈના સૂર સાથે વાજતે ગાજતે છીપાચકલામાં આવી પહોંચે છે. ત્યારે ઠાકોર ભાઈઓ પોતાના હાથમાં તલવાર,



ભાલા, ત્રિશૂળ, કટાર, ફરસી લાકડીઓ, મશાલ અને બેડી લઈને માતાજીના રથની પ્રદક્ષિણા કરીને રક્ષા કરે છે. માતાજીના ભૂવા તલવારની ધાર વડે પોતાની જીભ ઉપર ઘસરકો કરીને તેના લોહીના છાંટા રથ ઉપર છાંટે છે તે પછી જાણે બાણમાંથી તીર છૂટે તેમ ગામના અઢારેય વરણના લોકો માતાજીના રથને ભક્તિભાવપૂર્વક ખેંચે છે. રથને ગામની ભાગોળ સુધી કે જ્યાં માતાજીનું ભવ્ય મંદિર આવેલુ છે ત્યાં રથની પૂજા અને આરતી કરીને ગામની બહાર રથને વળાવીને વિસર્જન કરવામાં આવે છે. ત્યારબાદ ગામની બહેનો માતાજીનું વાજતે-ગાજતે વિધિવત વધામણું લઈને જાય છે. તે પછી ગામના લોકો પોતાના ઘરે લાડુનું ભોજન કરીને ઉજાણી કરે છે.

મહાભારત કાળની પરંપરા અનુસાર રાત્રિના દસના ટકોરે ગામના દરેકે દરેક ચોકમાં વેરાઈમાતાના અને ગોરૈયા મામાના ગરબા તૈયાર કરવામાં આવે છે. જે વર્ષોનું પર્વ આજદિન સુધી ચાલતું આવ્યું છે. માટીના માટલામાં ધરી બનાવી એની મધ્યમાં ચારબાજુ કાણાં પાડીને મોટા-મોટા ચારેબાજુ સોટા ઊભા કરી નાના-નાના ટુકડા કરી ગરબામાં સાત માળ બનાવવામાં આવે છે. ગરબાની ચારેબાજુ કાગળના ફૂલતારો અને ઝુમ્મરોથી ગરબાને કલાત્મક કારીગીરીથી શણગારવામાં આવે છે અને ગરબાના દરેક માળમાં ચોખ્ખા ઘીના દીવા પ્રગટાવવામાં આવે છે. ત્યારબાદ ગરબાઓને ગામના દરેકે દરેક ચોક-ચોકારીમાં લવાય છે. ગરબો અતિશય વજનદાર હોવા છતાં પોતાના માથા પર લઈને ગામનાં ભાઈ-બહેનો ખૂબજ આનંદ અને ઉત્સાહથી ગરબે ઘૂમે છે. આખી રાત લોકો આ ગરબા મહોત્સવનો અને લોકમેળાનો ખૂબજ આનંદથી લહાવો માણે છે. પરોઢિયે લગભગ ચારેક વાગ્યે માતાજીના મંદિરના સાંનિધ્યમાં ગરબા લાવવામાં આવે છે. તે વખતનુ દશ્ય ખૂબજ વિરલ હોય છે. ગામની ભજન મંડળીઓ જય અંબે... જય અંબે...ના નાદ સાથે ગુલાબ ઉડાડીને વાતાવરણને ભક્તિ રંગથી રંગી દે છે. માતાનો ગરબો કાઢવાની બાધા રાખનાર લોકોની એક જ વર્ષમાં પોતાની મનોકામના પૂર્ણ થાય છે.

આમ, માતાજીનું આ પર્વ આસો સુદ ચૌદશથી આસોવદ તેરસ (ધનતેરસ) સુધી ચાલે છે. ધનતેરસના દિવસે છીપા ચકલા યુવક મંડળ દ્વારા માતાજીનો છેલ્લો ગરબો વાળીને વાજતે ગાજતે આ પર્વનું સમાપન કરવામાં આવે છે.

- સુનિલ એ. શાહ

ગુજરાત સરકાર

**નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**

સચિવાલય, ગાંધીનગર

## જાહેરનામું

**જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસવાટમાં વાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)**

**જિલ્લો : મહેસાણા, તા. કડી, ગામ : દેલ્લા, વળતર કેસ નં. ૭/૨૦૧૯,**

નંબર : અકન/ક-૧૧(૧)/પ્રા.જાહેરનામુ/દેલ્લા/૭/૧૯/એસ.આર:૧૯૫, તા. ૩૦/૯/૨૦૧૯

અધિક કલેક્ટર (નર્મદા) ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રની કચેરી અમદાવાદને જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુનર્વસવાટમાં વાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો) અન્વયે (ગુજરાત સરકારના નર્મદા જળ સંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ ગાંધીનગરના તા. ૧૫/૭/૧૯ના પત્ર ક્રમાંક : જ.સં./૨૦૧૯/મહેસાણા/૧૩૭/૯૬/મ)થી મળેલ સત્તાની રૂએ એમ લાગે છે કે, આ સાથે જેડેલ અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલ જમીનોની નર્મદા યોજનાની દેલ્લા - જેસંગપુરા અને 2R વિરોચનનગર માઈનો નહેરના બાંધકામ કારણસર જાહેર હેતુ માટે જરૂર પડવાનો સંભવ છે.

૧. આથી જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસવાટમાં વાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)ની કલમ-૧૧(૧)ની જોગવાઈઓ હેઠળ જાહેર કરવામાં આવે છે કે, સદરહુ જમીનની ઉપર નિર્દિષ્ટ કરેલ હેતુઓ માટે જરૂર પડવાનો સંભવ છે.
૨. સદરહુ જમીનમાં હિત ધરાવતી તમામ વ્યક્તિઓને આથી ચેતવણી આપવામાં આવે છે કે, સદરહુ સંપાદનના હેતુ સારૂ સદરહુ જમીનમાં કોઈ સર્વેયરો કે અન્ય વ્યક્તિઓને હરકત કરવી નહીં. આ જાહેરનામાની તારીખ પછી કલેક્ટરની મંજુરી વિના વેચાણ, પટા, ગીરો, નામફેર, વિનિમય દ્વારા અથવા સદરહુ જમીનોના નિકાલ માટેનો અથવા સુધારા કરવા માટેનો કોઈ કરાર છેવટે સંપાદિત કરવામાં આવે તેવા સદરહુ જમીનોના ભાગો માટે વળતર આકારતા અધિકારી સદરહુ અધિનિયમની કલમ-૨૨ હેઠળ ધ્યાને લેશે નહીં.
૩. ગુજરાત સરકારને એવી ખાતરી થાય કે સદરહુ જમીનોની ઉપર્યુક્ત જાહેર હેતુ માટે જરૂરી છે, તો સદરહુ અધિનિયમની કલમ-૧૯ હેઠળ તે મતલબનું છેવટનું જાહેરનામું યોગ્ય સમયમાં કાયદાનુસાર પ્રસિદ્ધ કરવામાં આવશે. સંપાદન અંશતઃ કે પૂર્ણતઃ જતું કર્યો હોય તો હકીકત કાયદાનુસાર યોગ્ય રીતે જાહેર કરવામાં આવશે.
૪. જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસવાટમાં વાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)ની કલમ-૩(જી) હેઠળ સદરહુ જમીનોના સંબંધમાં કલેક્ટરના કાર્યો બજાવવા માટે રાજ્ય સરકાર નાયબ કલેક્ટર અને ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, નર્મદા યોજના, મહેસાણાને ઉક્ત અધિનિયમની જોગવાઈ હેઠળ ઉક્ત જમીનો સંબંધમાં નીમે છે.
૫. જમીનના પ્લાનનું નિરીક્ષણ નાયબ કલેક્ટર અને જમીન સંપાદન અધિકારી, (નર્મદા યોજના), બ્લોક નં.૧, બીજો માળ, બહુમાળી મકાન, મહેસાણાની કચેરીએ કામકાજના કોઈપણ દિવસે કચેરી સમય દરમિયાન કરી શકાશે.
૬. સંપાદન બાબતે હિત ધરાવતી વ્યક્તિને જો કોઈ, વાંધાઓ હોય તો આ જાહેરનામુ પ્રસિદ્ધ થયા તારીખથી ૬૦ (સાઈઠ) દિવસમાં કલમ-૧૫ની જોગવાઈઓ મુજબ નાયબ કલેક્ટર અને જમીન સંપાદન અધિકારી, (નર્મદા યોજના), બ્લોક નં.૧, બીજો માળ, બહુમાળી મકાન, મહેસાણાને રજૂ કરવાના રહેશે.

### અનુસૂચિ

જિલ્લો : મહેણા, તાલુકો : કડી, મોજે : દેલ્લા, વળતર કેસ નં. ૭/૧૯

તારીખ : ૩૦/૯/૨૦૧૯

| સર્વે નંબર/ બ્લોક નંબર | જરૂરી જમીનોનું ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી) | જે જાહેર હેતુ માટે જમીનની જરૂર છે તે જાહેર હેતુ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૪૧૩ | ૦૦.૦૬.૭૦ | સરદાર સરોવર નર્મદા નિગમ લી. હસ્તકની નર્મદા યોજનાની દેલ્લા-જેસંગપુરા અને 2R વિરોચનનગર માઈનોર નહેરના બાંધકામ માટે. |
| કુલ-૧ | ૦૦.૦૬.૭૦ | |

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(બી. એમ. પ્રજાપતિ)
અધિક કલેક્ટર (નર્મદા)
અમદાવાદ

ક્રમાંક:નામાનિ/મહે/૨૭૦/૧૯-૨૦

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ